## સંક્ષિપ્ત સમાચાર

### એમપીના રાજ્યપાલ મંગુભાઈ પટેલે મોતા ગામે 'એકતા વન'ની મુલાકાત લીધી




બારડોલી: મધ્યપ્રદેશના રાજ્યપાલ મંગુભાઈ પટેલે બારડોલીના મોતા ગામે જાપાનીઝ મિયાવાકી પદ્ધતિથી તૈયાર થયેલા 'એકતા વન'ની મુલાકાત લીધી હતી. તેમણે અહીં વન કવચ વિસ્તારમાં વૃક્ષારોપણ કરીને પ્રકૃતિના જતનનો સંદેશ આપ્યો હતો. એકતાવનમાં સ્થાપિત લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાને રાજ્યપાલે ભાવપૂર્વક પુષ્પાંજલિ અર્પણ કરી હતી. આ વેળાએ ગ્રામજનોને વધુમાં વધુ વૃક્ષોના વાવેતર અને જતન કરી પર્યાવરણ સંરક્ષણનો સંદેશ આપ્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, ગ્લોબલ વોર્મિંગના સમયમાં 'વન કવચ' જેવા પ્રોજેક્ટ્સ આવનારી પેઢી માટે આશીર્વાદરૂપ બનશે. આ પ્રસંગે વન વિભાગ સુરત વર્તુળના CF પુનિત નૈયર, ભરૂચ સર્કલના CF આનંદકુમાર, સામાજિક વનીકરણ વિભાગ-સુરતના DCF મિનલ સાવંત, ACF અભિજીતસિંહ રાઠોડ, RFO સુધાબેન ચૌધરી સહિત વન વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

### કીમ ગામે ડીડીઓની મુલાકાત


કિરણ ઢોડિયા

કીમ: સુરત જિલ્લા વિકાસ અધિકારી શિવાની ગોયલે અધિકારીઓની ટીમ સાથે કીમ ગામની મુલાકાત લીધી હતી. સૌપ્રથમ જિલ્લા વિકાસ અધિકારીએ કીમ ગામની પ્રાથમિક શાળાની મુલાકાત લઈ વિદ્યાર્થીઓ સાથે સીધી ચર્ચા કરી હતી. ત્યારબાદ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની મુલાકાત લઈ, ત્યાં સારવાર માટે આવતા દર્દીઓ સાથે સંવાદ સાધ્યો હતો. આરોગ્ય સેવાઓ, દવાઓની ઉપલબ્ધતા, તેમજ દર્દીઓને મળતી સુવિધાઓ અંગે માહિતી મેળવી આરોગ્ય સેવાઓ વધુ અસરકારક બને તે માટે સૂચનો કર્યાં હતાં. તેમજ પંચાયત કચેરી ખાતે સરપંચ તથા તલાટી સાથે બેઠક યોજી હતી. આ મુલાકાત દરમિયાન ડીડીઓ સાથે ટીડીઓ, તા.પં. પ્રમુખ નીતાબેન પટેલ, અન્ય સંબંધિત અધિકારીઓ તેમજ ગામના સરપંચ પ્રવીણભાઈ પટેલ અને આગેવાનો હાજર રહ્યા હતા. જિલ્લા વિકાસ અધિકારીએ કીમ ગામના સર્વાંગી વિકાસ માટે સહકાર અને સંકલન સાથે કાર્ય કરવા પર ભાર મૂક્યો હતો. જિલ્લા વિકાસ અધિકારીની કીમ ગામ મુલાકાત દરમિયાન કીમ ગામના સરપંચે ગામમાં વરસાદી પાણી ભરાવાની ગંભીર સમસ્યા અંગે વિસ્તૃત ચર્ચા કરી હતી.

### માંડવી સાયન્સ કોલેજમાં એક્સ્પો તેમજ પુસ્તક પ્રદર્શન


હિતેશ પટેલ

માંડવી: ધી માંડવી એજ્યુકેશન સોસાયટી સંચાલિત સાયન્સ કોલેજમાં ગુરુવારે સાયન્સ એક્સ્પો તેમજ પુસ્તક પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. સાયન્સ કોલેજના કેમેસ્ટ્રી મેથ્સ અને માઇક્રો બાયોલોજીના વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ 30 જેટલા સાયન્સના પ્રોજેક્ટ પ્રદર્શનમાં મૂકવામાં આવ્યા હતા. આ આયોજનનો મૂળ હેતુ વિદ્યાર્થીઓને ભણવાની સાથે પ્રેક્ટિકલ નોલેજ પણ મળી રહે અને કંઈક અલગ પ્રવૃત્તિ કરવાની અને પ્રોજેક્ટ બનાવવાની પ્રેરણા મળે અને સાયન્સ વિષયમાં આગળ વધી શકે એ હતો. આ સાથે ધો.12ના અભ્યાસ પછી કોલેજ લેવલે કયા પ્રકારના અભ્યાસક્રમો આવી શકે તેનાથી પણ વિદ્યાર્થીઓને માહિતગાર કરવામાં આવ્યા હતા. આ પ્રદર્શન જોવા માટે માંડવીની આજુબાજુની શાળાઓ જેવી કે માંડવી હાઈસ્કૂલ, વી.એફ.હાઈસ્કૂલ, તપસ્વી વિદ્યાસંકુલ તેમજ વાઘેચા હાઈસ્કૂલના 350 જેટલા વિદ્યાર્થીએ ભાગ લીધો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન સાયન્સ કોલેજના હેડ ડો.મહેશ માલાણી તેમજ પાર્થ ટેલર દ્વારા કરવામાં આવ્યું હતું. આ ઉત્કૃષ્ઠ કામગીરી બદલ માંડવી એજ્યુકેશન સોસાયટીના હોદ્દેદારો, ડો.વાસુદેવભાઇ જોખાકર, નલીનભાઈ શાહ, જગદીશભાઈ પારેખ, ડો.આશિષભાઈ ઉપાધ્યાય અને તમામ ટ્રસ્ટી અને કોલેજ પરિવાર તરફથી સાયન્સ કોલેજના હેડ તમામ સ્ટાફ, આચાર્ય તેમજ સાયન્સ કોલેજના વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યાં હતાં.

### માંગરોળમાં લિફ્ટ ઈરિગેશન સ્કીમનું ખાતમુહૂર્ત


વિનોદ મૈસુરીયા

વાંકલ: માંગરોળ તાલુકામાં પૂર્વ કેબિનેટ મંત્રી ગણપતસિંહ વસાવાના અધ્યક્ષ સ્થાને ખરેડા ગામે રૂ.૨૬.૯૯ લાખના ખર્ચે લિફ્ટ ઈરિગેશન સ્કીમનું ખાતમુહૂર્ત તથા જિલ્લા કક્ષાના પશુપાલન શિબિરનો કાર્યક્રમ યોજાયો હતો. વાંકલ ખાતે SIR અંગે માહિતી અપાઈ હતી. તો નાની પારડીમાં 600 લાખના ખર્ચે પુલનાં કામ મંજૂર કરાયાં હતાં.

### ત્વિષા વ્યાસ-ગ્રુપનું પ્રશસ્તિપત્રથી સન્માન



બારડોલી: તાજેતરમાં ઓડિશાના પદમપુર ખાતે આયોજિત 'લોકકલા મહોત્સવ-૨૦૨૫'માં ગુજરાતના સાંસ્કૃતિક વારસાની ભવ્ય પ્રસ્તુતિ કરવામાં આવી હતી. બારડોલીના પ્રસિદ્ધ કલાકાર ત્વિષા કિલ્લોલકુમાર વ્યાસના નેતૃત્વમાં પરંપરાગત લોકનૃત્યો અને વાયોલિન વાદનની અદ્વિતીય રજૂઆત કરવામાં આવી હતી. આ રાષ્ટ્રીય મંચ પર ત્વિષા વ્યાસની સાથે મયુરી, નીલમ, રાધા, તનિષ્કા, કેશવી, માહી, ધ્યાની અને અભિલાષાએ પોતાની કલા દ્વારા ગુજરાતની સનાતન લોકસંસ્કૃતિને જીવંત કરી દર્શકોના દિલ જીતી લીધા હતા. આ સફળતામાં ગુજરાત સરકારના યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ (ગાંધીનગર) તથા સુરત જિલ્લાના અધિકારીઓનો વિશેષ સહયોગ રહ્યો હતો. કલા ક્ષેત્રે વિશિષ્ટ પ્રદાન બદલ આયોજકો દ્વારા સમગ્ર ગ્રુપને પ્રશસ્તિપત્ર એનાયત કરી સન્માનિત કરવામાં આવ્યા હતા, જે ગુજરાત માટે ગૌરવની ક્ષણ બની રહી છે.

# પાલોદની સાંનિધ્ય ટાઉનશિપમાં શોર્ટ સર્કિટને લીધે ઘરમાં આગ

**મકાનની** બાજુમાં જ સ્કૂલ આવેલી હોવાથી નાસભાગ મચી, જાનહાનિ નહીં થતાં રાહત


ઈબ્રાહીમ કાનુ

હથોડા: પાલોદ ગામની હદના કીમ રોડ પર આવેલી સાંનિધ્ય ટાઉનશિપ ખાતે એક પરપ્રાંતિયના મકાનમાં શોર્ટ સર્કિટ થવાના કારણે આગ લાગતાં બેકાબૂ બનેલી આગમાં ઘરવખરી બળીને ખાખ થઈ ગઈ હતી. મકાનની નજીક જ સ્કૂલ આવેલી હોવાથી ઘટના સ્થળે બિહામણાં દૃશ્યો સર્જાયાં હતાં. જો કે, પાણીનો મારો ચલાવી આગને કાબૂમાં લેતાં સૌ કોઈએ રાહતનો દમ લીધો હતો.

ઘટનાની વિગત એવી છે કે, મૂળ ઉત્તર પ્રદેશનો વતની અને હાલમાં પાલોદ પંચાયત હદ વિસ્તારમાં આવેલી સાંનિધ્ય ટાઉનશિપમાં મકાનમાં ધરાવતો રાજેશ નિગમ તેની પત્ની અને ચાર બાળકો સાથે ઘણા સમયથી રહે છે. જે ફેક્ટરીમાં કામ કરીને પરિવારનું ગુજરાન ચલાવે છે. તેમના ઘરે ગુરુવારે શોર્ટસર્કિટ થવાના કારણે આગ લાગી હતી અને જોતજોતામાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લઈ મકાનને આગની લપેટમાં લેતાં સોના-ચાંદીનાં ઘરેણાં સહિત ઘરની તમામ ઘરવખરી બળીને રાખ થઈ ગઈ હતી. આગની જાણ થતા અને જે મકાનમાં આગ લાગી હતી તેની નજીક જ એક સ્કૂલ આવેલી હોવાથી ઘટના સ્થળે નાસભાગ સાથે બિહામણાં દૃશ્યો સર્જાયાં હતાં અને લોકોનાં ટોળેટોળાં ઘટના સ્થળે ઊમટી પડ્યાં હતાં. સદ્નસીબે કોઈ અમંગળ ઘટના નહીં બનતાં તેમજ લોકો તેમજ ફાયરે પાણીનો મારો ચલાવતાં આગ કાબૂમાં આવી જતાં સૌ કોઈએ રાહતનો દમ લીધો હતો.

## કઠોર નાગરિક બચત અને ધિરાણ મંડળીમાંથી લીધેલા ધિરાણના

# ચેક રિટર્ન કેસમાં સભાસદને 1 વર્ષની સાદી કેદની સજા

**4,25,283** રૂપિયા 12 ટકાના વ્યાજે લઈ વાહન લીધું હતું

કામરેજ: કઠોર ગામે આવેલી નાગરિક બચત અને ધિરાણ સહકારી મંડળીના સભાસદ સીતારામ ચંદુભાઈ મહિરાવ (રહે.,331, આદર્શનગર, વેલંજા) એ ગત તા.27-9-2016 ના રોજ રૂ.4,25,283ના 12 ટકાના વ્યાજે વાહન ધિરાણ મંડળીમાંથી લીધું હતું. પરંતુ ધિરાણ સમયસર ભરપાઈ ન કરતાં ધિરાણની સામે સુરત ડિસ્ટ્રિક્ટ કો.ઓ. બેંક કઠોર શાખાનો મંડળીમાં આપ્યો હતો. જે ચેક મંડળીએ બેંકમાં નાંખતાં ચેક રિટર્નન જતાં સીતારામ મહિરાવને બેંકના વકીલ વી.વી.અટોદરિયા દ્વારા રજિ.એ.ડી.થી નોટિસ મોકલવામાં આવી હતી. બાદ પણ બેંકનું ધિરાણ ન ચૂકવતાં આખરે મંડળીના મેનેજરે વકીલ વી.વી. અટોદરિયા દ્વારા કઠોર કોર્ટમાં ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ 138 મુજબ કેસ દાખલ કરવામાં આવ્યો હતો. આ કેસ કઠોરના એડિ.જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ પ્રખર શર્માની કોર્ટમાં ચાલી જતાં મંડળીના વકીલ વી.વી.અટોદરિયાએ ધારદાર રજૂઆતો કરતાં આરોપી સીતારામ મહિરાવને ધી નેગોશિએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ 138 ગુનામાં તકસીરવાન ઠેરાવી એક વર્ષની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવ્યો છે. મંડળીના વળતર પેટે રૂ.3,42,681 ચૂકવવાનો હુકમ કરવામાં આવ્યો છે અને આરોપી વળતરની રકમ ન ચૂકવે તો આરોપીને વધુ છ માસની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવ્યો છે.

# બલેશ્વરમાં વાહનની ટક્કરે વૃદ્ધાનું મોત, એક ઘાયલ

**મિલમાંથી** મજૂરીકામ પતાવી પરત ફરતી બે મહિલાને અકસ્માત

પલસાણા: પલસાણામાં પૂરઝડપે દોડતા એક અજાણ્યા વાહને રસ્તો ક્રોસ કરી રહેલા ત્રણ મહિલા શ્રમિકોને ટક્કર મારતાં વૃદ્ધાનું મોત નીપજ્યું હતું.

મૂળ મધ્યપ્રદેશના અને હાલ પલસાણામાં રહેતા નેહીત અજયભાઈ બર્મન દ્વારા નોંધાવવામાં આવેલી ફરિયાદ મુજબ તેમની દાદી માયાબેન સુક્કુલાલ બર્મન (ઉં.વ.77) અને ફોઈ ભાગ્યવતીબેન બલેશ્વરની તનુશ્રી મિલમાં મજૂરીકામ પતાવી પગપાળા ઘરે પરત ફરી રહ્યાં હતાં. સાંજે આશરે 6:30 વાગ્યાના અરસામાં ખાટુ શ્યામ મિલના ગેટ સામે મુંબઈ-અમદાવાદ હાઈવે ક્રોસ કરતી વખતે એક અજાણ્યા વાહન ચાલકે તેમને જોરદાર ટક્કર મારી હતી. આ અકસ્માતમાં માયાબેનને માથા અને પગના ભાગે ગંભીર ઈજા પહોંચી હતી. તેમને તાત્કાલિક 108 એમ્બ્યુલન્સ મારફતે સુરતની નવી સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જ્યાં રાત્રે 11:30 કલાકે સારવાર દરમિયાન તેમણે દમ તોડ્યો હતો. જ્યારે ભાગ્યવતીબેનને ડાબા પગના પંજામાં ઈજા થઈ છે. ઘટના બાદ અજાણ્યો વાહન ચાલક પોતાનું વાહન લઈને સ્થળ પરથી ફરાર થઈ ગયો હતો. પલસાણા પોલીસે આ મામલે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. હાલ પોલીસ સબ ઈન્સ્પેક્ટર સુરેશભાઈ ગોવાળીયા આ કેસની તપાસ ચલાવી રહ્યા છે.

# ટ્રેલરે ઘસડતા કાર અન્ય વાહન સાથે અથડાઈ, ચાલકનું મોત

**પાલોદ** નજીક હાઇવે ઉપર ટ્રેલરનો ચાલક બેકાબૂ બન્યો

**કારને** ટક્કર મારવા સાથે 150 ફૂટ હાઇવે પર ઘસડી જતાં ફિલ્મી દૃશ્યો સર્જાયાં


ઈબ્રાહીમ કાનુ

હથોડા: પાલોદ પોલીસ ચોકી નજીક ઓવરબ્રિજ પર બેકાબૂ બનેલા ટ્રેલર ચાલકે કારને ટક્કર મારી 100થી 150 ફૂટ ઘસડી જઈ અન્ય વાહન સાથે અથડાવી દેતાં કારના ચાલકનું ઘટના સ્થળે મોત થયું હતું અને એકને ઈજા થઈ હતી.

ઘટનાની વિગત એવી છે કે, કામરેજથી કોસંબા તરફ જતા હાઈવે નં.48 પર પાલોદ પોલીસ ચોકી સામે આવેલા ઓવરબ્રિજ ઉપર બેકાબૂ બનેલા એચ.આર. 74બી 6788 નંબરના ટ્રેલરના ચાલકે સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવી દઈ આગળ ચાલતી જીજે 5 જેયુ 5632 નંબરની કારને ટક્કર મારી કારને 100થી 150 ફૂટ ઘસડી જઈ આગળ જઈ રહેલા કોઈ અન્ય વાહન સાથે અથડાવી દેતાં ગંભીર અકસ્માત સર્જાયો હતો. અને કારના ચાલક દિલીપભાઈ ભીખાભાઈ પીંડારિયાનું ઘટના સ્થળે જ મોત થયું હતું. જ્યારે અન્ય એકને ઈજા થઈ હતી. ટ્રેલરે અકસ્માત સર્જી કારને 150 ફૂટ જેટલું ઘસડતાં ઘટના સ્થળે ફિલ્મી દૃશ્યો સર્જાયાં હતાં. આ બનાવની જાણ થતા પાલોદ પોલીસ ઘટના સ્થળે પહોંચી કાર્યવાહી હાથ ધરી હતી.

## બારડોલીના લિનિયર બસ સ્ટેન્ડ પરથી મોબાઈલ ફોનની ચોરી

બારડોલી: બારડોલીના લિનિયર બસ સ્ટેન્ડ પર બસમાં ચઢતી વખતે એક મુસાફરનો મોબાઈલ ફોન ચોરી થઈ જતાં પોલીસ ફરિયાદ નોંધાઈ છે.

હાલ વડોદરાના માંઝલપુર ખાતે રહેતા અને મૂળ બારડોલીના શાસ્ત્રી રોડ પર આવેલ દીપનગરના રહેવાસી અંકિત યશવંતરાવ પાટીલ (ઉં.વ.30) ગત 12મી ડિસેમ્બર-2025ના રોજ બારડોલી આવ્યા હતા. તેઓ ગત તા.15મીના રોજ લિનિયર બસ સ્ટેન્ડથી ઉચ્છલ-સુરત બસમાં બેસવા ગયા હતા. ત્યારે બસમાં ભીડ હોય તે ભીડનો લાભ ઉઠાવી કોઈ અજાણ્યા ઈસમે તેમનો 40 હજારની કિંમતનો મોબાઈલ ફોન ચોરી લીધો હતો. આ અંગે બારડોલી પોલીસે અંકિત પાટિલની ફરિયાદના આધારે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

# વાલોડમાં શાળાએ જતા ધો.4ના વિદ્યાર્થી ઉપર કૂતરાનો હુમલો

**યુવકે** દોડી આવી બાળકનો જીવ બચાવ્યો

સોનગઢ: વાલોડ શહેરમાં રખડતાં કૂતરાઓનો આતંક યથાવત છે. વાલોડના અયમન પાર્ક ખાતે રહેતા અફાક અશરફ પઠાણ (ઉં.વ.12) નામનો ધોરણ-4નો વિદ્યાર્થી રોજની જેમ ઘરેથી જી.સી.પટેલ શાળાએ જવા નીકળ્યો હતો. દરમિયાન જિગર પ્લાયવુડ નજીક બાયપાસ રોડ પરથી પગપાળા જતા સમયે પાછળથી એક કૂતરી અચાનક દોડી આવી અને વિદ્યાર્થી પર હુમલો કર્યો હતો.

ઘટનાને નજરે જોતા નજીકમાં રહેતા જાવેદ પઠાણે તાત્કાલિક દોડી આવી બાળકને બચાવવા પ્રયાસ કર્યો હતો. તેમ છતાં તે પહેલા જ કૂતરીએ અફાક પર હુમલો કર્યો હતો. લોકો દોડી આવતાં કૂતરીએ બાળકના પગ પર દાંત મારવાનો પ્રયાસ કર્યો હતો, જેના કારણે બાળકનું પેન્ટ ગૂંઠણ નીચેથી ફાટી ગયું હતું અને પગ પર દાંતના નિશાન સાથે લોહી નીકળી આવ્યું હતું. બાળક ભયભીત થઈ જતાં તેને તાત્કાલિક વાલોડ રેફરલ હોસ્પિટલ લઈ જવાયો હતો. ફરજ પરના તબીબોએ સારવાર કરી, ડ્રેસિંગ કરી અને હડકવાના ઇન્જેક્શન આપ્યા બાદ વિદ્યાર્થીને વાલીઓના હવાલે કર્યો હતો.

વાલોડમાં કૂતરાના ત્રાસ બાબતે નગરજનો દ્વારા અનેક વખત મૌખિક રજૂઆતો કરવામાં આવી છે. તેમજ જાગૃત નાગરિકો દ્વારા મામલતદાર વાલોડ અને પ્રાંત અધિકારી વ્યારાને લેખિતમાં પણ રજૂઆત કરવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે. છતાં આજદિન સુધી કોઈ સજ્જડ પગલાં લેવાયાં નથી.

# પલસાણામાં 'ગોગો' સ્મોકિંગ કોન અને રોલિંગ પેપર વેચતા ત્રણ ઝડપાયા

**નો ડ્રગ્સ** ઇન ગુજરાત મિશન હેઠળ પોલીસની કાર્યવાહી

પલસાણા: NO DRUGS IN GUJARAT મિશન અંતર્ગત પલસાણા પોલીસે નશો કરવા માટે ઉપયોગમાં લેવાતા રોલિંગ પેપર અને ગોગો સ્મોકિંગ કોન વેચનાર ત્રણ દુકાનદાર વિરુદ્ધ ગુનો દાખલ કરી કાર્યવાહી કરી છે.

યુવા વર્ગ ચરસ અને ગાંજા જેવા માદક પદાર્થોનું સેવન કરવા માટે રોલિંગ પેપર, ગોગો સ્મોકિંગ કોન અને પરફેક્ટ રોલ જેવી વસ્તુઓનો ઉપયોગ કરે છે. આ વસ્તુઓમાં ટાઈટેનિયમ ઓક્સાઈડ, પોટેશિયમ નાઈટ્રેટ, આર્ટિફિશિયલ ડાય અને ક્લોરિન બ્લીચ જેવાં ઝેરી પદાર્થો હોય છે, જે માનવ સ્વાસ્થ્ય માટે અત્યંત હાનિકારક છે.

યુવાનોમાં વધતી નશાની વૃત્તિને રોકવા માટે ગૃહ વિભાગ દ્વારા તાજેતરમાં જ આ વસ્તુઓના વેચાણ પર પ્રતિબંધિત જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે.

પલસાણા પોલીસે ત્રણ સ્થળે તપાસ કરી હતી, જેમાં બગુમરાના જોળવા પાટિયા પાસે આવેલી 'ડિપ્લોમા ચાય'ની દુકાનમાં તપાસ કરતા મોનુ કૌશલ પાંડે (ઉં.વ.૨૦) ૫૯ નંગ બ્રાઉન પેપર કોન કિં. રૂ.૮૮૫ વેચતા પકડાયો હતો.

આ ઉપરાંત પલસાણા ગામના પઠાણ પાર્ક પાસે આવેલી 'માઈકલ પાન'ની લારી પર તપાસ કરતાં સુજીત રામબ્રીચ દાસ (ઉં.વ.૩૫) પાસેથી ફાઈનેસ્ટ રોલ સ્ટિક અને રોલિંગ પેપરનો જથ્થો કિં. રૂ.૩૬૦ મળી આવ્યો હતો. જ્યારે પ્રવેશ પાર્ક પાસે ભેરુનાથ કિરાણા સ્ટોર નામની દુકાનમાં ગોપાલ સોહનલાલ કલાલને પણ 43 રોલ્ડ કોન કિં.રૂ.645 સાથે પકડી પાડવામાં આવ્યો હતો. પકડાયેલા ત્રણેય ઈસમોએ જાહેરનામાનો ભંગ કર્યો હોવાથી તેમની સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

# ઓલપાડ તાલુકામાં તસ્કરોનો તરખાટ

કીમ: શિયાળો શરૂ થતા જ તસ્કરો મોજમાં આવી જતા હોય છે. તસ્કરો ઓફિસ ઘર કે દુકાનોમાં ચોરી કરતા હોય એ સામાન્ય બાબત હતી. પરંતુ હવે તસ્કરો સરકારી મિલકતને પણ નથી છોડી રહ્યા. છેલ્લા કેટલાક સમયથી તસ્કરો વીજ વિભાગના વાયરોની ચોરી કરી તરખાટ મચાવ્યો હતો અને હવે વારો આવ્યો છે. ટેલિફોન એક્સચેન્જનો, છેલ્લા ૧૫ દિવસમાં તસ્કરોએ ઓલપાડ તાલુકાના કીમ, ટકારમા અને બરબોધન ગામના એક્સચેન્જને નિશાન બનાવ્યાં છે અને લાખો રૂપિયાના કીમતી કોપર વાયરની ચોરી કરી ફરાર થઇ ગયા છે. ૨ દિવસ પહેલા તસ્કરોએ કીમ ટેલિફોન એક્સચેન્જને નિશાન બનાવ્યું હતું. એક્સચેન્જમાંથી ડીસી બેટરીમાં લગતા કોપરના કેબલ, બેટરીના લક અને જનરેટરના ડાયનેમોની ચોરી કરી તસ્કરો ફરાર થઇ ગયા છે.

# અંકલેશ્વરમાં કોમન પ્લોટમાં શાક માર્કેટ ફાળવવા સામે વિરોધ

**વિવિધ** સોસાયટીના રહીશોએ લેખિત આવેદનપત્ર પાઠવ્યું

અંકલેશ્વર: અંકલેશ્વર નોટિફાઈડ રહેણાક વિસ્તારમાં આવેલી વિવિધ સોસાયટીએ તેમની બાજુમાં આવેલ જીઆઈડીસીના કોમન પ્લોટ પર શાકભાજી માર્કેટ ફાળવવાના નિર્ણય સામે વાંધો ઉઠાવ્યો છે. સોસાયટી દ્વારા નાયબ કાર્યપાલક ઈજનેર, નોટિફાઈડ એરિયા ઓથોરિટી, અંકલેશ્વરને લેખિત રજૂઆત કરીને આ નિર્ણયને મોકૂફ રાખવાની માંગ કરવામાં આવી છે.

રજૂઆતમાં જણાવ્યા મુજબ આ જગ્યાએ અગાઉ બગીચો વિકસાવવાનો પ્રસ્તાવ હતો, જે વિસ્તારનાં બાળકો, વરિષ્ઠ નાગરિકો તથા મહિલાઓ માટે ઉપયોગી અને આરોગ્યપ્રદ બની રહે તેવો હતો. બગીચો વિકસાવવાથી પર્યાવરણ સુધારણા સાથે રહેવાસીઓને ખુલ્લી જગ્યા ઉપલબ્ધ થવાની હતી.

પરંતુ હવે આ જ જગ્યાએ શાકભાજી માર્કેટ ફાળવવાના નિર્ણયથી ટ્રાફિક ભીડ, અવાજ પ્રદૂષણ, ગંદકી, પાર્કિંગ સમસ્યા તેમજ સુરક્ષાના પ્રશ્નો ઊભા થવાની શક્યતા હોવાનું સોસાયટીઓ દ્વારા જણાવાયું છે. અગાઉ પણ આ વિસ્તારમાં ટ્રાફિક સમસ્યાના કારણે અકસ્માતો થયા હોવાનો રજૂઆતમાં ઉલ્લેખ કરાયો છે. વિવિધ સોસાયટીઓના રહેવાસીઓએ માંગ કરી છે કે મૂળ પ્રસ્તાવ મુજબ આ જગ્યાએ બગીચો વિકસાવવામાં આવે અથવા શાકભાજી માર્કેટ માટે કોઈ અન્ય યોગ્ય સ્થળ ફાળવવામાં આવે.


**જાહેર નોટીસ - કૌશિક જાદવ, GAS સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ માંડવીની કોર્ટમાં, મુ.માંડવી**

નં.જન્મ-મરણ/અપીલ નં.૪૩૮/૨૦૨૫
તા.૧૩/૧૨/૨૦૨૫

વાદી :- રઝિયાબીબી રસીદભાઇ શાહ તે અહમદશા ફકીરની પુત્રી, રહે.હળપતિવાસ, પીપોદરા, તા.માંગરોળ, જી.સુરત-૩૯૪૧૧૦.

વિરૂધ્ધ

પ્રતિવાદી :- જન્મ-મરણ રજિસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી પીપોદરા ગ્રામ પંચાયત, તા.માંગરોળ, જી.સુરત

વિષય:- જન્મ મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ ૧૩(૩) અન્વયે જન્મની નોંધણી બાબત.

આથી આ જાહેર નોટીશથી લાગતા વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે અરજદારશ્રી રઝિયાબીબી રસીદભાઈ શાહ તે અહમદશા ફકીરની પુત્રી, રહે.હળપતિવાસ, પીપોદરા, તા.માંગરોળ, જી.સુરત-૩૯૪૧૧૦એ તેઓના પોતે રઝિયાબીબી અહમદશા ફકીરનાં જન્મની નોંધણી જે તે વખતે કરાવવાની રહી ગયેલી છે. જેની નીચેની વિગતે નોંધણી કરવા સામાવાળાને આદેશ કરવા માટેની અરજી અત્રેની કોર્ટમાં આવેલ છે. ૧. નોંધણી કરાવવાની છે તેનું નામ: રઝિયાબીબી અહમદશા ફકીર ૨. જન્મ તારીખ: ૦૫/૦૫/૧૯૬૯ ૩. જન્મનું સ્થળ: મોજે.પીપોદરા, તા.માંગરોળ, જી.સુરત

સબબ, ઉપરોક્ત વિગતે રઝિયાબીબી અહમદશા ફકીરના જન્મની નોંધણી કરવા સામાવાળાને અત્રેથી હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં દિન-૩૦માં અથવા આ કામની સુનાવણી તા.૦૫/૦૧/૨૦૨૬ના રોજ વાંધો રજૂ કરવો. જો વાંધો રજૂ કરવામાં નહીં આવે તો કોઈને વાંધો નથી એમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તા.૧૩/૧૨/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી (કૌશિક જાદવ)
સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ, માંડવી પ્રાંત, જિ.સુરત

**જાહેર નોટીસ - કૌશિક જાદવ, GAS સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ માંડવીની કોર્ટમાં, મુ.માંડવી**

નં.જન્મ-મરણ/અપીલ નં.૪૩૯/૨૦૨૫
તા.૧૩/૧૨/૨૦૨૫

વાદી :- રસીદભાઈ ગુલામભાઈ શાહ, રહે.હળપતિવાસ, પીપોદરા, તા.માંગરોળ, જી.સુરત-૩૯૪૧૧૦.

વિરૂધ્ધ

પ્રતિવાદી :- જન્મ-મરણ રજિસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી નાનીનરોલી ગ્રામ પંચાયત, તા.માંગરોળ, જી.સુરત

વિષય:- જન્મ મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ ૧૩(૩) અન્વયે જન્મની નોંધણી બાબત.

[illegible]

આજ તા.૧૩/૧૨/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી (કૌશિક જાદવ)
સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ, માંડવી પ્રાંત, જિ.સુરત



**પાસપોર્ટ ગુમ થયો છે.**

મારો પાસપોર્ટ નંબર S7179882 મારા થી ગુમ થયો છે જે કોઈ ને મળી આવે તે મને મારા નીચે ના સરનામે અથવા મોબાઈલ નંબર ઉપર જાણ કરવા વિનંતી છે.

આહિર હંસાબહેન નવીનભાઈ
નવુ બસ સ્ટેશન હાઈસ્કુલની સામે
નાની નરોલી, તા.માંગરોલ, જી.સુરત
મો.8490841881



Milano MULTIPLEX
બારડોલી

Avatar: Fire And Ash
10:00am, 01:45pm, 05:30pm, 09:30pm

Dhurandhar
09:30am, 12:00pm, 02:00pm, 04:00pm, 06:00pm, 09:00pm, 10:00am

Ph:- 02622-230068

*Movie schedule and timings are subject to change without any prior notice

સંપર્ક: 98791 33333